પાલનપુરની હોટલ રહીમીમાં ફાયરીંગ : ગેગવોરમાં ત્રણ ઘાયલ

પાલનપુર, તા. ૧૧

પાલનપુરના સ્ટેશનરોડ સ્થિત હોટલ રહીમીમાં બપોરના ત્રણ વાગેના સુમારે મુસ્લિમ સમુદાયના

બે જુથો વચ્ચે બોલાચાલી બાદ ઘર્ષણ થતા સામસામે રીવોલ્વરથી પાંચ ફાયરીંગ કરાતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી જવા પામી હતી. ફાયરીંગમાં ત્રણ જણાં ઘાયલ થયા હતા. જેમાં બે ગંભીર ઈજાગ્રસ્તોને મહેસાણા રીફર કરાયા છે. જ્યારે ફાયરીંગ કરી ઈકબાલ લોહાણી પોલીસ સ્ટેશન હાજર થઈ ગયો હતો.

પાલનપુરના સ્ટેશનરોડ સ્થિત હોટલ રહીમી કોન્ટ્રાક્ટ સીસ્ટમથી ચાલે છે. આ હોટલ ખાલી કરાવવા બાબતનો વિવાદ છેલ્લા ઘણા સમયથી ચાલતો હતો. દરમિયાન આજરોજ બપોરના ૩ વાગે રહીમી હોટલમાં બંને જુથો ભેગા થઈ જતા બોલાચાલી બાદ ઘર્ષણ સર્જાયો હતો. જેમાં સામસામે રીવોલ્વરથી ફાયરીંગ થતા મહેબુબ લોહાણી, જાવેદખાન ધાસુરા તથા ઈકબાલ ધાસુરાને રીવોલ્વરથી ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં મહેબુબ લોહાણાને લમણા પર ગોળી વાગતા અતી ગંભીર હાલતમાં અમદાવાદ રીફર કરાયો છે.

શહેરના હાર્દસમા સ્ટેશનરોડ પર ફાયરીંગના બનાવની ભારે દોડધામ મચી જવા પામી હતી. જિલ્લા પોલીસવડા નીરજ બડગુજર તાકીદે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. જ્યારે ફાયરીંગ કરનાર ઈકબાલ લોહાણી રીવોલ્વર સાથે પોલીસ મથકે હાજર થઈ ગયો હતો. જ્યારે સામા પક્ષનો રીવોલ્વર ઘટનાસ્થળેથી કબજે લીધો હતો. સામસામે જોરદાર ગેંગવોર સર્જાતા હોટલ બહાર ઉભેલી કારના પણ ભુક્કા બોલાવી દીધા હતા. સામસામે અથડામણમાં ૭ રાઉન્ડ ફાયરીંગ થયા હતા. પોલીસે બનાવની ગંભીરતા લઈ હોટલના સીસીટીવી ફુટેજ કઢાવી તપાસ હાથ ધરી છે.

તલોદની આર્ટસ કોમર્સ કોલેજ ખેલ મહાકુંભમાં ચેમ્પિયન

તલોદ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સાબરકાંઠા જિલ્લા દ્વારા આયોજીત ભાઈઓની કબડ્ડી સ્પર્ધામાં જિલ્લાના બધા જ તાલુકાની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં તલોદ તાલુકામાંથી તલોદ આર્ટસ કોમર્સ કોલેજની ટીમે પણ ભાગ લીધો હતો. તા. ૯-૯-૧૭ના રોજ યોજાયેલ કબડ્ડીની ફાઈનલ મેચ ઈડર તથા તલોદ તાલુકા વચ્ચે યોજાઈ હતી. જેમાં તલોદ આર્ટસ કોમર્સ કોલેજની ટીમે જોરદાર ટક્કર આપી ઈડર તાલુકાની ટીમને પરાજીત કરીને જિલ્લામાં કબડ્ડી સ્પર્ધામાં ચેમ્પિયન સંસ્થાનું ગૌરવ વધારેલ છે. ખેલાડીઓને આચાર્ય ડૉ. જે.સી. પટેલ તથા સ્ટાફ મિત્રોએ ધન્યવાદ પાઠવ્યા હતા.

ધાનેરાની રેફરલ હોસ્પિટલ ડોક્ટર હડતાલ પર ઉતરતા ભારે હાલાકી

ધાનેરા રેફરલ હોસ્પિટલના ડોક્ટર પગાર વધારો, પ્રમોશન તેમજ વિવિધ માંગણીઓને લઈ હડતાલ પાર ઉતરતા ધાનેરાના લોકોને ભારે મુખકેલી નો સામનો કરવો પડ્યો હતો અને કલાકો સુધી હેરાન થવું પડ્યું હતું. ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ડો.મિતેષ ડાભી અને ડો.શૈલેન્દ્રસિંહ પરમાર ફરજ બજાવે છે અને લોકોને પૂરતી સેવા આપે છે પરંતુ આજે આ બંને ડોક્ટર હડતાલ પર ઉતરી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને કલાકો સુધી ડોકટરોની રાહ જોઈ બેસી રહેવું પડ્યું હતું ત્યારે મોડે મોડે બહાર ઠીલું આવેલા ડોક્ટરો લોકોને ચેકઅપ કરવાનું શરુ કર્યું હતું.

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં વરસાદ

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં આજે પલ્ટો આવ્યો હતો અને ધનસુરા પંથકમાં વરસાદ વરસ્યો હતો. બે દિવસમાં અસહ્ય ઉકળાટ બાદ વરસાદ વરસ્યો હતો. વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધરતીપુત્રોમાં ખુશાલીનો માહોલ જોવા મળ્યો હતો. આકરા તડકાથી નગરજનોને રાહત મળી હતી. હજુ વધુ થોડોક વરસાદ વરસે એવી અપેક્ષા ખેડૂતો રાખી રહ્યા છે.

મોડાસા ચાર રસ્તા પર કિસાન સંઘે ખેત ઉત્પાદનના ઓજાર અને રાસાયણિક દવાઓ પરથી જી.એસ.ટી રદ કરવા દેખાવો કર્યા

કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલા જી.એસ.ટી.થી ખેત ઉત્પાદનના ઓજારો અને રાસાયણિક દવાઓ અને ખાતરના ભાવમાં અસહ્ય વધારો થતા ખેડૂતોની હાલત કફોડી બનતા અરવલ્લી જિલ્લા કિસાન સંઘ દ્વારા જિલ્લાના વડામથક મોડાસા ચાર રસ્તા પર જી.એસ.ટી.નો ઉગ્ર વિરોધ કરી દૂર કરવાની માંગ સાથે ચાઈનીઝ સામાનનો બહિષ્કાર કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

મોડાસા ચાર રસ્તા પર જિલ્લા કિસાન સંઘના અગ્રણીયો અને કાર્યકરો દ્વારા કેન્દ્ર સરકારે કૃષિક્ષેત્ર પર લાગુ કરેલા જી.એસ.ટી. ના દર પાછા ખેંચવાની માંગ સાથે ડ્રીપ ઈરીગેશનમાં ૧૮ ટકા, ટ્રેક્ટરમાં ૧૨ ટકા અન્ય યાંત્રિક ઓજારોમાં ૧૨ ટકા તેમજ કૃષિ ઉપજમાં વપરાતી જંતુનાશક દવાઓમાં લાગેલ જી.એસ.ટી. દૂર કરવા માટે માંગ સાથે જી.એસ.ટી. દૂર નહિ કરવામાં આવે તો આગામી દિવસોમાં કૃષિ ઉપજમાં ઘટાડો થશે અને ખેડૂતોની હાલત દયનીય બનશે અને ભાવ વધારાના પગલે ખેડૂતો ખેતી કરવાથી મજબૂરીવશ દૂર થવુ પડશે તેમ જણાવી ચાઈનીઝ ચીજ વસ્તુઓનો બહિષ્કાર કરી ચાઈનીઝ પ્રોડક્ટની હોળી કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

હિંતમનગરમાં તબીબો આજથી ત્રણ દિવસની માસ સીએલ પર

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથકે સરકારી હોસ્પિટલના તબીબો પગાર સહીતની માંગણીઓના મુદ્દે આજથી ત્રણ દિવસની માસ સીએલ પર ગયા હતા જેને લઈને હિમતનગરની મેડીકલ કોલેજ ખાતે એકઠા થઇ સુત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો અને ૫ર મુદ્દાની માંગણીઓ કરી છે જેમથી પગાર સહીતની ૬ મુદ્દાની માંગણીઓ પણ સરકાર સંતોષી લે તેવી માંગણી તબીબોએ કરી હતી.જીલ્લાની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સામુહિક આરોગ્ય કેન્દ્ર,સિવિલ અને ડીસ્ટ્રીકટના લગભગ ૧૦૦ જેટલા તબીબોએ આજથી ત્રણ દિવસની માસ સીએલ પર ગયા હતા જેને લઈને સરકારી હોસ્પિટલમાં દર્દીઓને પરેશાની ભોગવવી પડી હતો તો તેને લઈને તંત્રએ મેડીકલ કોલેજના તબીબોને ફરજ ઉપર હાજર કર્યા છે.તો બીજી તરફ તબીબો ધ્વારા સરકારમાં વર્ષોથી માંગણીઓ કરી છે જેમાં ત્રણ ત્રણ આરોગ્ય મંત્રી પણ બદલાઈ ગયા પરંતુ હજુ તબીબોને માંગણીઓ સંતોષાઈ નથી જેને લઈને હવે તબીબોએ નિશ્ચય કરી લીધો છે જો હવે માંગ નહિ સંતોષાય તો અગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.આ અંગે જીલ્લા તબીબના ઉપ પ્રમુખ આર.ડી.ગોસ્વામીએ જણાવ્યું હતું કે અમે વારંવાર માંગણી કરી છે સરકાર પાસે પરંતુ કોઈ માંગણી સંતોષાઈ નથી જો સરકાર માંગણીઓ નહિ સંતોષે તો અગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે અને અમે પણ હવે આંદોલનના શ્રીગણેશ કર્યા છે.

ડીસામાં શ્રમિકો માટે કૌશલ્ય તાલિમ યોજના

આજ રોજ ડિસા મુકામે ગુજરાત રાજ્ય મકાન બાધકામ વેલફર બોર્ડ દ્વારા ઈએજયુમીડીયા સરવીસ સંચાલિત પ્રધાનમંત્રી કૌશલ્ય તાલીમ યોજના શ્રમિકો માટે શરૂ કરવામાં આવેલ આ તાલીમ યોજનાના અધ્યક્ષસ્થાને ગુજરાત સરકારના ડાયરેક્ટર શશીકાંતભાઈ પંડ્યા તેમજ મુખ્ય મહેમાન પદે જીલ્લા ભાજપના પૂર્વ અધ્યક્ષ મહેશભાઈ દવે, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ તેમજ બી કે ન્યૂઝ ચેનલના માલિક મગનભાઈ માલી તથા તાલુકા ભાજપના અધ્યક્ષ લેબજીભાઈ ઠાકોર તથા ઈએજયુ મીડીયાના અજયભાઈ ગુપ્તા હાજર રહી તાલીમ વર્ગનું ઉદ્ઘાટન કરી તાલીમ વર્ગ શરૂ કરેલ તથા શ્રમિકોને માર્ગદર્શન પુરૂ પાડેલ.

અંબાજીમાં શ્રાદ્ધ પર્વમાં ભાવિકોની ભારે ભીડ

અંબાજી, તા. ૧૧

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો પૂર્ણ થયા બાદ હાલમાં શ્રાદ્ધપક્ષ શરૂ થયો હોવા છતાં અંબાજી મંદિરમાં હજજારોની સંખ્યામાં યાત્રીકોનો ધસારો જોવા મળી રહ્યો છે. આજે સવારથી જ અંબાજી મંદિરના ચાચરચોકમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી ને ચાચરચોક પણ લાલ ધજાઓથી ભરાયેલુ જોવા મળ્યુ હતુ. આજે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટની તમામ સંસ્થાઓના કર્મચારીઓ સહીત મંદિર ટ્રસ્ટના વહીવટદાર મા અંબાના મનાતા મુળ સ્થાન એવા ગબ્બર ગઢે પગપાળા યાત્રા કરી ધજા ચઢાવવા પ્રયાણ કરાયુ હતુ. આ પૂર્વે ધજાની પણ વિધિવત પૂજા કરી સંસ્કૃત પાઠશાળાના ભુદેવો સહીત મંદિરની સંસ્થાના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા ને ગબ્બર જવાનો માર્ગ બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ફરી એક શ્રાદ્ધપક્ષમાં પણ ગુંજેલુ જોવા મળ્યો હતો. અંબાજી મંદિર દ્વારા ૧૦૧ જેટલી ધજાઓ ગબ્બર ખાતે લઈ જવામાં આવી હતી. જેમાં તળેટીમાં ૫૧ શક્તિપીઠો ઉપર પણ ધજા ચઢાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વહીવટદારના જણાવ્યા અનુસાર મંદિરની સંસ્થાના કર્મચારીઓ મેળાની કામગીરીમાં રોકાયેલા હોવાથી દર્શનથી વંચીત રહ્યા હતા. ત્યારે આજે આ તમામ સ્ટાફે ધજા ચઢાવી પોતાની ઈચ્છાપુર્તી કરી છે.

પાટણ સિવિલ હોસ્પિટલ બચાવો અભિયાન ૧૧૦માં સોમવારનો કાર્યક્રમ થયો છે. જ્યારે ૧૧૧માં સોમવારે પાટણની પ્રજાને સાથે રાખીને આરોગ્યમંત્રી અને મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા ગાંધીનગર સચિવાલય ખાતે આવશે તેવી જાહેરાત કરી છે.

ખેડબ્રહ્મા શહેર-તાલુકામાં રેશનીંગ કાળા બજાર ગમે તેટલી યુકિત પ્રયુકિતઓ છતા અટકવાનુ નામ નથી લેતી

ખેડબ્રહ્મા, તા. ૧૧

રાજ્યમા રેશનિંગ કાળા બજાર વધતા જતા હોવાની ફરિયાદો વધતા સરકાર સતર્ક બનીને રેશનિંગના કાળાબજાર અટકાવવા ફિંગર પ્રિન્ટરની ટેકનીક અટકવાનુ નામ નથી લેતા. કાર્ડધારકો કે જેઓ અંતરિયાળ વિસ્તારમા રહે છે તેમને અત્રેના કણ કણ અને કેરોસીનના ટીપેટીપાં માટે આજે પણ વલખા મારવા પડી રહ્યા છે. કારણ સસ્તા દરની અનાજની દુકાનોના સંચાલકો રેશનિંગના પુરવઠામાં મોટી ગોલમાલ કરી રહ્યા છે. ખેડબ્રહ્મા તાલુકાના દુકાનદાર કાર્ડધારકોના ભાગના અનાજ તથા કેરોસીનના મળતિયાઓની સાથે રહીને મોટા ભાગના કાળાબજાર થઈ રહ્યા છે. તાલુકાની પ્રજાને સ્ટોક આવ્યો નથી એવુ કહે છે કાં તો સ્ટોક ખલાસ થઇ થયો છે અને કાર્ડધારકોને ઉઠા ભણાવ્યે રાખે છે. રેશનીગ કાર્ડધારકો અભણ અને ગરીબ હોવાથી દુકાનદારની આ તરકીબો સમજી સકતા નથી અને તેનો લાભ દુકાનદારો ઉઠાવી રહ્યા છે. ઠેર ઠેર આ પરિસ્થિતિ છે. એટલે વાજ આવી જઈને ના છૂટકે લોકો રાબેતા મુજબની ખરીદી કરીને પોતાનુ ગુજરાન ચલાવતા હોય છે. ન જાણે આ રેશનિંગના કાળાબજાર કયારે અટકશે.

૨૧મી સદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. તે વખતે દુનિયામાં સાપ અને સપેરાઓના દેશ તરીકે ભારતને ગણવામાં આવતું હતું. મોદીએ સ્વામી વિવેકાનંદને યાદ કરતા કહ્યું હતું કે, પૂનમ અને એકાદશીના દિવસે શું ખાવું જોઈએ, શુ ન ખાવું જોઈએ તેની ચર્ચા હમેશા રહે છે પરંતુ સ્વામી વિવેકાનંદે દુનિયાને સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, આ સંસ્કૃતિનો હિસ્સો હોઈ શકે નહીં. આ બાબત સામાજિક વ્યવસ્થા હેઠળ આવી શકે છે પરંતુ સંસ્કૃતિમાં સામેલ કરી શકાય નહીં. મોદીએ એમપણ કહ્યું હતું કે, અમે સમયની સાથે પરિવર્તનની તરફેણ કરીએ છીએ. દુષણોને દૂર કરવામાં આવે તે જરૂરી છે. અમને સ્વામી વિવેકાનંદ અને જમશેદજી તાતાના સંવાદોને પણ જોવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદે તાતાને કહ્યું હતું કે, ભારતમાં ઉદ્યોગો લગાવીને નિર્માણ કરવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદ કૃષિમાં આધુનિક ટેકનોલોજીમાં પ્રયોગની તરફેણમાં હતા. વડાપ્રધાને દિન દયાળ ઉપાધ્યાયના અંત્યોદય અને વિનોબાભાવેની પહેલનો પણ ઉલ્લેખ કર્યો હતો. હળવાશના મૂડમાં મોદીએ કહ્યું હતું કે, કોલેજોમાં રોઝ ડેની વિરુદ્ધમાં તેઓ નથી પરંતુ દિવસોની ઉજવણી રોઝ ડેના બદલે કેરળ દિવસ, શીખ દિવસ અથવા પંજાબ દિવસ તરીકે થવી જોઈએ. આનાથી રાજ્યોની સંસ્કૃતિને જાણવાની તક મળશે. સ્વચ્છતા અભિયાનની પણ તેઓએ વાત કરી હતી. વડાપ્રધાને આ પ્રસંગે મંત્ર આપતા કહ્યું હતું કે, પહલે શૌચાલય ફીર દેવાલય. રાષ્ટ્રવિરોધી તત્વો ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, જ્યારે તેઓ વંદેમાતરમ સાંભળે છે ત્યારે ગર્વ અનુભવ કરે છે પરંતુ જ્યારે એવું જાણવા મળે છે કે, કેટલાક લોકો વંદેમાતરમ્ બોલવાનું પસંદ કરતા નથી ત્યારે દુખ પણ થાય છે. વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે ઉમેર્યું હતું કે, નિષ્ફળતા વગર સફળતા શક્ય નથી. નિષ્ફળતાથી ભયભીત થવાની જરૂર નથી. સ્વામી વિવેકાનંદના વિચારોને રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, નોલેજ અને સ્કીલ બંને મહત્વપૂર્ણ છે.

રડાર પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે હાલમાં જ નેતાઓની પ્રોપર્ટી વધવાને કારણે કેન્દ્ર સરકાર પાસે પૂરી જાણકારી માગી હતી. સુપ્રીમ કોર્ટમાં એક દર્દ્‌ની પિટીશન પર સુનાવણી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું કે બે ચૂંટણી દરમિયાન કેટલાંક નેતાઓની પ્રોપર્ટી ૫૦૦ ટકા સુધી વધી ગઈ છે. દર્દ્‌દ્વારા કોર્ટને અપીલ કરવામાં આવી છે કે ઈલેકશન દરમિયાન સોગંદનામામાં સોર્સ ઓફ ઈનકમની કોલમ જોડવામાં આવે કે જેથી કેન્ડિડેટ્સની આવકના સ્ત્રોત અંગે ખ્યાલ આવી શકે. કોર્ટે આ સંબંધમાં ઈલેકશન કમિશન અને કેન્દ્ર સરકારને નોટિસ મોકલી હતી.

જસ્ટિસ જ.ચેલમેશ્વર અને જસ્ટિસ એસ.અબ્દુલ નઝીરની બેચમાં સુનાવણી દરમિયાન કહેવામાં આવ્યું હતું કે, ''ઝમ્ફ્ર દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ અધુરી છે. શું ભારત સરકારનું આ જ વલણ છે? અત્યારસુધી સરકારે શું કર્યું? પહેલાં કહ્યું હતું કે અમે ચૂંટણી સુધારાની વિરૂદ્ધમાં નથી. આ મામલે તમામ જાણકારીઓ ઓન રેકોર્ડ હોવી જોઈએ.''

રેકોર્ડ સર્જ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પાંચ રાજ્યો ઉપરાંત પાંચ અન્ય રાજ્યો દિલ્હી, આસામ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને કર્ણાટક પણ કેસોનો નિકાલ કરવામાં વધારે પાછળ નથી. આ રાજ્યોએ પણ પોતાના ત્યાં દશકોતી લટકેલા કેસોને આશરે એક ટકાની નીચી સપાટી પર લાવી દીધા છે. એટલે કે આ રાજ્યો પણ કેસોનો નિકાલ લાવવાની તૈયારીમાં છે. જો કે આમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં રહેલા કેસોના આંકડાને સામેલ કરવામાં આવ્યા નથી. પોતાના અધીનસ્થ કોર્ટોમાં કેસોનો નિકાલ કરીને રાજ્યોએ મોટી સફળતા મેળવી લીધી છે. દેશના આશરે ૧૭૦૦૦૦ અધીનસ્થ ન્યાયાલયમાં ૨.૫૪ કરોડ કેસ પેન્ડિંગ રહેલા છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં કેટલીક બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો છે. આંકડા મુજબ આમાંથી ૨૨.૭૬ લાખ કેસ ૧૦ વર્ષ અથવા તો વધારે વર્ષથી પેન્ડિંગ છે. કેટલાક રાજ્યો જેમ કે હરિયાણા, પંજાબ, કર્ણાટક, કેરળ અને દિલ્હીમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ખુબ વધારે છે. આવી સ્થિતીમાં દશકોથી લટકેલા કેસોનો ઉકેલ લાવી દેવામાં આવ્યો છે. કેસોનો ઉકેલ લાવવાની બાબત રાજ્યોમાં જજની કાર્યકુશળતા અને સરકાર તેમજ હાઈકોર્ટ તરફથી ઉઠાવવામાં આવેલા પગલાની સફળતાને દર્શાવે છે.

કેટલાક રાજ્યો હજુ પણ સંઘર્ષ કરી રહ્યા છેય. ગુજરાત, બિહાર, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો હજુ પણ કેસોના ભરાવાની સમસ્યાને ઉકેલી શક્યા નથી. દશકોથી અટવાયેલા કેસોનો નિકાલ કરવામાં આ રાજ્યોને તકલીફ થઈ રહી છે. ગુજરાત આ મામલે ટોપ પર છે. ગુજરાતના અધીનસ્થ ન્યાયાલયમાં કુલ પેન્ડિંગ કેસોમાં દશકોથી લટકેલા કેસોની સંખ્યા ૨૦ ટકાની આસપાસ છે. ઓરિસ્સામાં ૧૭ ટકા, બિહારમાં ૧૬ ટકા, ઉત્તરપ્રદેશમાં ૧૩ ટકા, બંગાળ અને ઉત્તરાખંડમાં ૧૨ ટકા, જમ્મુ કાશ્મીરમાં ૧૧ ટકા કેસો એવા છે જે દશકોની લટકેલા છે. આવી સ્થિતીમાં જસ્ટીસ ડિલીવરી સિસ્ટમને પ્રભાવશાળી બનાવવા અને જવાબદારીપૂર્ણ બનાવવા માટે ધરખમ ફેરફાર કરવાની તાકીદની જરૂર છે.

પુરના સકંજામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્યત્ર ખસેડી લીધા છે. એનડીઆરએફની આઠ ટીમો હાલમાં સક્રિય રીતે લાગેલી છે. આ ટીમમાં ૩૨ બોટ અને જીવનરક્ષણ સહાયની ચીજો રહેલી છે. મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલે પહેલાથી જ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા માટે રાજ્યના જળ સંશાધન વિકાસ પ્રધાનને સુચના આપી છે. વિનાશકારી પુરના નવેસરના રાઉન્ડના કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરવા અને માહિતી મેળવી લેવા તેમને કહેવામાં આવ્યુ છે. સાથે સાથે રાહત અને બચાવ કામગીરી પર નજર રાખવા માટે પણ તેમને કહેવામાં આવ્યુ છે.

૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૭૬.૫૧ ટકા દર્દીઓ સંપૂર્ણ રોગમુક્ત થયાનું તંત્રના સૂત્રો કરી રહ્યા છે. જો કે જિલ્લામાં મૃત્યુદર ૧૦.૭૩ ટકા જેટલો રહ્યો હોવાનો આડકતરો એકરાર પણ કરવામાં આવી રહ્યો છે. જે રાજ્યની સરેરાશ કરતાં વધુ છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના ઓગષ્ટમાં ૧૦૦ કેસ અને સપ્ટેમ્બરના ૧૧ દિવસમાં ૩૬ કેસ સામે આવ્યા છે. આમ ૪૨ દિવસમાં ૧૩૬ કેસ નોંધાયા છે.

જિલ્લામાં આયુર્વેદિક ઉકાળાનું વિતણ તેમજ સર્વેલન્સ સઘન રીતે ચાલી રહ્યું છે. જિલ્લામાં બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોના કેસ પણ સામે આવ્યા છે. જિલ્લામાં હાલ ૧૯ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૧ વેન્ટીલેટર પર તેમજ બે દર્દી ૦.૨ની સિસ્ટમથી સારવાર હેઠળ છે. બાકીના દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૪ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

શિક્ષકોની ઘટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર માટે મુશ્કેલ બન્યુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જો કે શિક્ષણતંત્રના જણાંવ્યા મુજબ આંકડા શાસ્ત્ર વિષયના શિક્ષકોની ઘટના પ્રશ્નને નિવારવા માટે હાલ પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપી કામ ચલાવાય છે. જો કે અન્ય વિષયના શિક્ષકોની ઘટને અનુલક્ષીને પણ પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે. ત્યારે ટુંકમાં આંકડાશાસ્ત્રના વિષય શિક્ષકોની ભરતી માટે પ્રયાસ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

''આ બધા તો દેશની જણસ છે... એને પક્ષોના રંગ ના લગાવો તો સારૂ..!!''

''હા સાહેબ... એ જ મારૂ કહેવું છે... પક્ષાપક્ષીથી પર રહીને નીતિઓ ઘડાય - વહીવટ થાય - તો ક્યાં કોઈને વાંધો જ છે..?! અને એ જ આપણી ચર્ચાનો સાર કે દેશના બુદ્ધિજીવીઓ, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, કલાકારો અને વૈજ્ઞાનિકોએ પક્ષોના રંગમાં ના રંગાવુ જોઈએ..!! એમને તો માત્ર દેશ અને દેશની પ્રજા જ કેન્દ્રમાં હોવી જોઈએ...''

- નિમિત્ત માત્ર

માસ સીલ પર ઉતર્યા...

● પાંચમાં પાનાનું ચાલુ

કામ કરીએ છીએ તે પ્રમાણમાં અમને વેતન નથી મળતું જેથી અમે સોમવારે માસ સીએલ પર ઉતર્યા હતા જેથી અમને કંપનીએ એક કલાકમાં ફરજ પર હાજર થવાની ધમકી આપી હતી નહિ તો છુટા કરી દેવાની વાત કરી હતી.જે અંગે અમને હિમતનગરના મેડીકલ કોલેજ ડીનને જાણ કરી હતી.એક તરફ વહીવટી તંત્ર આ ચાલત લાલીયાવાડી સામે અવાજ ઉઠાવવાની વાત છે તો બીજી સ્થાનિક પ્રશાશન પણ હવે મેડિકલ કોલેજ ના કર્મચારીઓ ને જલ્દી થી હાજર થવા તેમજ હાજર ન થાય તો તાત્કાલિક ધોરણે છુટ્ટા કરવા ની ધક ધમકી અપાય છે જો કે કર્મચારીઓ ને ન્યાય માટે ની લડાઈ માં સહયોગ ની જગ્યા એ હવે ભ્રસ્ટાચાર નો ઢાંક પીછોડો કરાઈ રહ્યો છે.આ મુદ્દે મેડિકલ કોલેજ ના ડીન ને પુછાતા તેમને તમામ આક્ષેપ રાજદીપ નામની કોન્ટ્રાકટ કંપની ને આપ્યો હતો તેમજ મેડિકલ કોલેજ દ્વારા સરકારી નિયમ મુજબ પૂર્ણ પગાર કરાતો હોવાની વાત કરી છે.આ અંગે હિમતનગર મેડીકલ કોલેજના ડીન દિપક મહેતાએ જણાવ્યું હતું કે મેડીકલ કોલેજ ધ્વારા પૂરો પગાર આપવામાં આવે છે જે અહિયાં કામ કરતા કર્મચારીઓને રાજ એન્ટરપ્રાઈઝ પગાર ચુકવે છે તે કેમ ઓછો ચુકવે છે તે તેમને ખબર કર્મચારીઓ આક્ષેપ કરે છે કે અમને ૫૦ ટકા પગાર આપે છે.એક તરફ ભય ભૂખ અને ભ્રસ્ટાચાર દૂર કરવાની વાત છે ત્યારે આજે સાબરકાંઠા ના મેડિકલ કોલેજ નો ભ્રસ્ટાચાર ની વાત ને ખુલ્લી પાડવા ની વાત કરાઈ છે જો કે આ મુદ્દે સ્થાનિક કર્મચારીઓ ને ન્યાય ક્યારે મળશે એ તો સમય જ બતાવશે.